## આકાશવાણી -ભુજ

## સમાચાર વાચક: અશરફ નથવાણી

## કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર

**તારીખ: ૦૮-૦૯-૨૦૨૪ રવિવાર** **સમય: સાંજે : ૬:૨૫**

# લખપત શંકાસ્પદ મોતના પગલે આરોગ્ય વિભાગ દ્વારા તપાસ

જિલ્લાના લખપત તાલુકામાં છેલ્લા ચાર દિવસ દરમિયાન 12 જેટલા લોકોના શંકાસ્પદ મોત થતા રાજ્યના અલગ અલગ શહેરમાંથી નિષ્ણાંત તબીબોની ટીમ કચ્છ મોકલવામાં આવી છે અને બે દિવસમાં જ સમગ્ર મામલાની તપાસ કરી અહેવાલ સુપરત કરવા આદેશ કરાયો છે. 12 લોકોના શંકાસ્પદ મોત થયા બાદ આરોગ્ય તંત્ર દ્વારા જરુરી સેમ્પલ લઈ મોતનું કારણ જાણવા તપાસ કરવામાં આવી રહી છે.

રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, આરોગ્ય વિભાગ તરફથી વિવિધ રોગના નિષ્ણાતોની ટીમ મોકલવામાં આવી છે. જે સર્વેલન્સની કામગીરી હાથ ધરી માહિતી મેળવશે અને બે દિવસમાં અહેવાલ કરશે. જેના આધારે સરકાર દ્વારા આવશ્યક પગલાઓ ભરવામાં આવશે.

**(બાઈટ: આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ )**

દરમ્યાન, કલેક્ટર અમિત અરોરાએ જણાવ્યું કે, આરોગ્ય વિભાગની 22 જેટલી ટીમ દ્વારા લખપત તાલુકાના વિવિધ ગામોમાં ડોર ટુ ડોર સર્વેની કામગીરી સાથે લોકોના આરોગ્યની પણ તપાસની કામગીરી હાથ ધરવામાં આવી છે. મંગવાણા અને દયાપરના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના ડોક્ટર પણ ત્યાં મુકવામાં આવ્યા છે.

સ્વાઇન ફ્લૂ, કોંગો ફીવર,ડેંગ્યુ, સહિતની બીમારીઓના માટે સેમ્પલ લેવામાં આવ્યા છે. તેમાં હાલ તો ન્યુમોનિયાની અસર હોય તેવું જણાયું છે. તેમ શ્રી અરોરાએ ઉમેર્યું હતું.

**(બાઈટ : કચ્છ કલેકટર અમિત અરોરા )**

**અશરફ નથવાણી**

## અમદાવાદ - ભુજ વંદે મેટ્રો ટ્રેન

અમદાવાદ ભુજ વંદે મેટ્રો ટ્રેનની ટ્રાયલ સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. ત્રણ યુનિટના કુલ 12 એસી કોચ સાથેની વંદે મેટ્રો ટ્રેન બપોરે એક વાગ્યે ભુજ આવી પહોંચી હતી અને બપોરે એક અને 40 મિનિટે પરત અમદાવાદ માટે રવાના થઈ હતી. 110ની સ્પીડ ધરાવતી વંદે મેટ્રો ટ્રેનને નિર્ધારિત સફર પૂર્ણ કરતા 5 કલાકનો સમય લાગ્યો હતો.

રેલ વિભાગના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં ટેક્નિકલ નિષ્ણાતોના રિપોર્ટ મુંબઇના ચર્ચગેટ સ્થિત રેલવેની વડી કચેરીએ મોકલાયા બાદ, રિપોર્ટના આધારે આગામી સમયમાં ટ્રેનનો ચોક્કસ સમય નક્કી કરાયા બાદ આ ટ્રેન દૈનિક ધોરણે દોડાવવામાં આવશે.તેવું જાણવા મળેલ છે.

અમદાવાદથી રવાના થયેલી વંદે મેટ્રો વિરમગામ, ધ્રાંગધ્રા, સાંમખીયાળી, ભચાઉ, ગાંધીધામ, અંજાર સ્ટેશને સ્ટોપ કરી અને ભુજ પહોંચી આવી હતી. ગાંધીધામ સિવાય રૂટ વચ્ચેના સ્ટેશનો પર આ ટ્રેને બે મિનિટ સ્ટોપ કર્યો હતો.

વંદે મેટ્રો ટ્રેન શરૂ થવાથી અમદાવાદ સાથે બહોળો સંપર્ક ધરાવતા કચ્છના લોકોને સમયની બચત સાથે પ્રવાસ માટે ખૂબ મોટી સુવિધા ઉપલબ્ધ બનશે.

**અશરફ નથવાણી**

---

## સૌર ઉર્જા

સૌર ઉર્જાને  પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી વર્ષ 2024-25માં રાજ્યની વિવિધ સરકારી ઇમારતો પર 48 મેગાવોટની સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરાશે.

ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે સોલાર રૂફટોપ સ્થાપિત કરવા માટે રાજ્યસરકાર દ્વારા 177 કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. હાલ 56.8 મેગાવોટ ક્ષમતાની 3 હજારથી વધુ સોલાર રૂફટોપ સિસ્ટમ સક્રિય છે. ગુજરાતમાં પુનઃપ્રાપ્ય ઉર્જાનું ચાલુ વર્ષમાં 24 હજાર સાતસો પાંસઠ પોઇન્ટ ત્રણ મિલિયન યુનિટ ઉત્પાદન થયું છે. જેમાં 9 હજાર 637 એમ.યુ. સોલાર, 14 હજાર 201 એમ.યુ.પવન, 885.325  એમ.યુ. હાઇડ્રો, વગેરે નો સમાવેશ થાય છે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં સૂર્ય શક્તિને મહત્વની ઉર્જાશક્તિને વિકસાવીને ગુજરાત અગ્રેસર ભૂમિકા નિભાવી રહ્યું છે.

**RNU AHMDABAD**

---